## ઠરાવ અને શરતો:

**લાયકાત:**

(૧) ડિગ્રી સિવિલ, એન્જીનિયર

(૨) ડિપ્લોમાં સિવિલ એન્જીનિયર

(૩) આઈ.ટી.આઈ.ની કોર્સ કરેલ સરવેયરો

(૪) દીનદયાળ મોજણી અને મહેસુલી વહીવટ સંસ્થા, ગાંધીનગર દ્વારા ચલાવવામાં આવે ત્યારે તેનો કોર્સ કરેલ વ્યક્તિઓ.

(૫) ઉપરોક્ત તમામ ઉમેદવારો કોમ્પ્યુટરને લગતા સરવે વિષયક પ્રોગ્રામોથી જાણકાર હોવા જરૂરી છે.

**વયમર્યાદા**

ઉમેદવારની વય ૧૮ થી ઓછી અને ૫૦ વર્ષથી ન હોવી જોઇએ. (તા.૦૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ)

**માપણીનો પ્રકાર**

(૧) હદ માપણી,

(૨) હિસ્સા માપણીઓ,

(૩) બીનખેતી માપણીના કેસો,

(૪) રાજ્ય સરકાર અથવા સેટલમેન્ટ કમિશનર નક્કી કરે તે પ્રકારની બીજી માપણી લગત બીજી કામગીરી

**ફી અને ડિપીઝીટ**

(૧) નોંધણી ફી વ્યક્તિગત: રૂ.૧૫૦૦ /-

(૨) રિન્યુ ફી વ્યક્તિગત રૂ.૧૦૦૦/-

(૩) સિકયોરિટી ડિપોઝીટ વ્યક્તિગત: રૂ.૫૦૦૦/-

**સમયગાળો**: એક વખત અપાયેલ નોંધણી પ્રમાણપત્ર ૨ (બે) વર્ષ સુધી અમલમાં રહેશે. ત્યાર પછી તેને ફરીથી રિન્યુ કરાવી શકાશે.

**શરતો**:

(૧) નોંધણી માટે સેટલમેન્ટ કમિશનર દ્વારા નિયત કરાયેલ નમુનામાં અરજી કરવાની રહેશે. નિયત લાયકાત ધરાવતા અને પહેલાં તેઓની અનિયમિતતાની લીધી નોંધણી રદ કરવામાં આવી ન હોય તેવી વ્યક્તિઓ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, નિયત નમુનામાં નોંધણી પ્રમાણપત્ર આપશે.

(૨) નોંધણીદારે સેટલમેન્ટ કમિશનર સુચવે તે તાલીમ આપતી સંસ્થામાં જરૂરી ફી ભરી ૨૧ દિવસીય તાલીમ સંતોષકારક પસાર કરવાની રહેશે, અને તાલીમમાં સફળ થયે કામગીરી શરૂ કરી શકશે.

(૩) નોંધણી થયેલ વ્યક્તિનું કાર્યક્ષેત્ર શરતો- ધોરણો, કેસ દીઠ ચુકવવાની થતી સ્ફટીની ફી અને કરવાની કામગીરી સેટલમેન્ટ કમિશનર નોંધણી પ્રમાણપત્રમાં સુચવે તે મુજબની રહેશે.

(૪) નોંધણીદારે સેટલમેન્ટ કમિશનર દ્વારા સૂચવાય તે નમૂનામાં માપણી અરજીઓ નોંધવાનું રજીસ્ટર, માપણીની કામગીરી માટેની નોટીસો, જવાબ, ચકાસણી અને દુરસ્તીની વિગતો વિગેરે જાળવીએ, માપણીનું રેકર્ડ સંબંધિત કચેરીને સુપ્રત કરવાનું રહેશે.

(૫) જે ઉમેદવાર દ્વારા અગાઉ લાયસન્સ રદ થયેલ હોય તેઓ અરજી કરી શકશે નહી.

ઠરાવને બગતી સઘળી કામગીરી માટે સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક ગાંધીનગર દ્વારા વખતો વખત સુચના અપાય તેનો સંબંધિતોએ અમલ કરવાનો રહેશે. આ ઠરાવની શરતો, નોંધણી પ્રમાણપત્રમાંની શરતો અથવા સેટલમેન્ટ કમિશનરશ્રીએ આપેલ કોઇ સુચનાઓનો ભંગ કરવામાં આવશે અથવા અમલ નહીં કરવામાં આવે ત્યારે અપાયેલ નોંધણી પ્રમાણપત્ર રદ કરી શકાશે અથવા સિક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરી શકાશે અથવા બંન્ને પગલાં લઇ શકાશે.